જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૨/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૮૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૭	૧	૧૧૭૩૮	૧૭૮૪૭	૧	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૮૫૩	૬૦	૭૪૯૧૩	૭૫૯૬૩	૬૦	૭૬૦૨૩
કુલ		૯૧૪૪૮	૬૧	૯૧૫૦૯	૧૦૦૪૮૯	૬૧	૧૦૦૫૫૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૮	૪,૦૯,૪૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૧૪	૪,૧૪,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ચાંદખેડા પોલીસ સ્ટેશન

પ્રોહીબિશન સબંધી પાસા

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૧૪૭૩/૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામના આરોપી ધર્મેન્દ્રસિંહ ઉર્ફે પપ્પુ સ/ઓ મુલચંદભાઇ જાતે-પઢીયાર ઉ.વ.૩૯ રહે-ઘર નંબર એ/૧૦, પ્રહલાદપાર્ક સોસાયટી (શુભલક્ષ્મી સોસાયટી) ઉમા ભવાની ફાટક પાસે ચાંદખેડા અમદાવાદ શહેર નાનો પોલીસથી ચોરી છુપી વગરપાસ પરમીટે નિશાન કંપનીની સન્ની ફોર વ્હીલ ગાડી આર.ટી.ઓ. નંબર જી.જે.૧-કે.આર.-૭૫૧૪ તથા એસ્ટીમ ગાડી નં.જી.જે.૦૧-એચ.એલ.-૩૪૭૧ માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ અલગ-અલગ બ્રાન્ડની સીલબંધ બોટલ નંગ-૧૬૮ કિ.રૂ.૧,૦૨,૦૦૦/- તથા બંને ફોર વ્હીલ ગાડી કિ.રૂ.૩,૫૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૨,૦૦૦/- તથા કિ.રૂ.૨૮૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૪,૫૮,૮૦૦/-ના મુદ્દામાલ સાથે મળી આવેલ અને સદરી આરોપીની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૭૬૬/૨૦૨૧ તા.૧૬/૧૨/૨૦૨૧ થી સદરી આરોપીને ખાસ જેલ પલારા ભુજ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૧૬/૧૨/૨૦૨૧ કલાક ૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ પલારા ભુજ ખાતે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) પો.ઇન્સ.કે.વી.પટેલ

(૨) અ.હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭

(૪) પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહ બ.નં.૬૬૮૮



નારોલ પોલીસ સ્ટેશન

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમને રાજકોટ જેલ તથા ભુજ જેલ તથા જુનાગઢ જેલખાતે પાસા અટકાયતી તરીકે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશન પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટેમાં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી નીચે મુજબના આરોપીઓ વિરૂદ્ધમાં ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી (૧) મિથુન ભવાનીશંકર યાદવ ઉ.વ.૨૯ ધંધો.ડ્રાઇવીંગ રહે.મ.નં.બી/૩૪, શાંતીનગર, રંગોલીનગર, નારોલ અમદાવાદ શહેર નાઓનો હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૭૬૪/૨૦૨૧ તા.૧૬/૧૨/૨૦૨૧ થી પાસા હુકમની કલાક.૨૧/૦૦ વાગે બજવણી કરી ભુજ જેલ ખાતે તથા (૨) પ્રકાશચંદ્ર કૈલાશચંદ્ર ગુપ્તા ઉ.વ.૩૧ ધંધો.ડ્રાઇવીંગ રહે.એફ/૨૦૩, મંથન રેસીડેન્સી, આસોપાલવ સોસાયટીની બાજુમાં, વટ્વા, અમદાવાદ શહેર નાઓનો હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૭૬૮/૨૦૨૧ તા.૧૬/૧૨/૨૦૨૧ થી પાસા હુકમની કલાક.૨૧/૨૦ વાગે બજવણી કરી રાજકોટ જેલ ખાતે તથા (૩) દિલીપ ભવાનીશંકર યાદવ ઉ.વ.૩૩ ધંધો.ડ્રાઇવીંગ રહે.બી/૩૪, શાંતીનગર, રંગોલીનગર, નારોલ, અમદાવાદ શહેર નાઓનો હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૭૬૯/૨૦૨૧ તા.૧૬/૧૨/૨૦૨૧ થી પાસા હુકમની કલાક.૨૨/૩૦ વાગે બજવણી કરી જુનાગઢ જેલ ખાતે તથા (૪) કરણ ઇશ્વરભાઇ બોરાણા ઉ.વ.૧૯ ધંધો-નોકરી રહે.સી/૧૩ રંગોલીનગર, નારોલ, અમદાવાદ શહેર હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૭૭૦/૨૦૨૧ તા.૧૬/૧૨/૨૦૨૧ થી પાસા હુકમની કલાક.૨૧/૪૦ વાગે બજવણી કરી રાજકોટ જેલ ખાતે તથા (૫) રણજીત ભરતસિંહ યાદવ ઉ.વ.૨૦ ધંધો-નોકરી રહે.મ.નં-૩૫ સત્યમનગર, અમરાઇવાડી, અમદાવાદ શહેર નાઓનો હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૭૭૧/૨૦૨૧ તા.૧૬/૧૨/૨૦૨૧ થી પાસા હુકમની કલાક.૨૨/૦૦ વાગે બજવણી કરી જુનાગઢ જેલ ખાતે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦

અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪

અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૮૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૯૭ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ ટેમ્પો વાહન કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૧૬ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૬૫૫/-અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૮૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૯૦/૨૦૨૧**

રામોલઃ વિવેકભાઇ વિનોદસિંગ રાજપુત (ઉ.વ.૩૨)(રહે. શિવશાંતિ સોસાયટી, રતનપુરા ગામ પાછળ વસ્ત્રાલ રોડ વસ્ત્રાલ) એ તા.૧૬/૧૨/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે એપ્રીલ/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વિવેકભાઈ રાજપુતના પત્નીના બહેનપણીના પતિ કમલેશ રાજેન્દ્ર શર્મા (રહે.જયપુર) એ વિવેકભાઇ રાજપુતને ઇ.ડી.ડીપાર્ટમેન્ટમાં નોકરી અપાવવાનો વિશ્વાસ અને ભરોસો આપી, અલગ-અલગ પ્રોસેસ પેટે વિવેકભાઇ પાસેથી કુલ રૂપિયા ૧૯,૦૦,૦૦૦/- મેળવી લઈ નોકરીના ખોટા ડોક્યુમેન્ટ બતાવી નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એ.રાયજાદા ચલાવે છે.

બીજા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૨૯૧/૨૦૨૧**

શાહપુરઃ શાહપુર બહાઇ સેન્ટર સરદારકુંજ સોસાયટી સરતકુંજ સોસાયટી ખાતે રહેતા સુરેશભાઇ ગંગારામભાઇ પ્રજાપતિ નાઓની અઢી વર્ષની પુત્રી આયુષી તા.૧૨/૧૨/૨૦૨૧ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બીજા માળેથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૧૨/૨૦૨૧ સાંજના ૭/૨૫ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.સિસોદીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૯૨/૨૦૨૧**

સરખેજઃ મધુબહેન વા/ઓ રમેશભાઈ આહીર (રહે.ખોડીયાર કોમ્પલેક્ષ દેના બેંક સામે સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

ગોમતીપુરઃ મેઘરાજ ભીમજી પટેલ (ઉ.વ.૩૨)(રહે.સારાભાઈ વકીલની ચાલી, મેથોડીસ્ટ ચર્ચની બાજુમાં, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ટુવાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.